EDII

Navgujarat Samay

March 11, 2018
Page No.5

એમ્પ્રેસરિયો સ્ટાર્ટઅપ સમિટ 2018

# વર્તમાન ટેક્નોલોજીનો પ્રવાહ નવા વ્યવસાયો માટે પાયારૂપ બનશેઃ ક્રિસ

નવગુજરાત સમય > અમદાવાદ

1940 અને 1950ના દાયકામાં ડિજિટલ કમ્પ્યૂટર્સની શરૂઆતની જેમ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, મશીન લર્નિંગ અને ઇન્ટરનેટ ઓફ થિંગ્સ સહિત ટેક્નોલોજીનો વર્તમાન પ્રવાહ પાયારૂપ છે તથા તે વ્યવસાયની વર્તમાન રિતને સંપૂર્ણપણે બદલી નાંખશે એવો અભિપ્રાય ઇન્ફોસિસના સહ-સ્થાપક અને એક્સિલર વેન્ચર્સના ચેરમેન ક્રિસ ગોપાલક્રિષ્નને વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે વર્તમાન ટેક્નોલોજીથી થનાર પરિવર્તન નવા વ્યવસાયો ઊભા કરશે એટલે સ્ટાર્ટ-અપ્સ માટે સમસ્યાનું સમાધાન શોધવાની તકો છે.

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા દ્વારા આયોજિત 'એમ્પ્રેસરિયો સ્ટાર્ટઅપ સમિટ 2018'ના પ્રથમ દિવસે ગોપાલક્રિષ્નને કહ્યું કે, "ઉદ્યોગસાહસિક તમામ અવરોધો સામે સફળતા મેળવે છે. અત્યારે જે ઝડપથી




ટેક્નોલોજી બદલાઈ રહી છે એ વર્તમાન વ્યવસાયોને પરિવર્તન કરવાની ફરજ પાડશે. સ્ટાર્ટ-અપ્સની વર્તમાન પેઢીને લાભ એ છે કે તેમની પાસે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય એમ બંને સ્થાપિત બજાંર છે, જ્યાં પુષ્કળ માગ છે." ઈડીઆઈઆઈના ડાયરેક્ટર ડો. સુનિલ શુક્લાએ કહ્યું હતું કે, "યુવા ઉદ્યોગસાહસિકો વચ્ચે વ્યાવસાયિક અભિગમ વિકસાવવાના ઉદ્દેશ સાથે અને તેમને સંપૂર્ણ અનુભવ પ્રદાન કરવાની સાથે એમ્પ્રેસરિયોમા સ્ટાર્ટ-અપ્સ માટે માર્ગદર્શક સત્ર, વ્યાવસાયિક યોજનાની સ્પર્ધા, પેનલ ડિસ્કશન અને સ્ટાર્ટ-અપ પદ્ધતિ શીખવા ડિઝાઇન થિંકિંગ વર્કશોપ સામેલ છે."